Students of Delhi Public School Bopal participated in a wildlife quiz at Sundervan on 8 Oct. 2016. Students won the quiz and proved their mettle.

**DNA 9 OCT. 2016**

## Children take quiz on wildlife

**Ahmedabad:** Celebrating World Wildlife Week (Oct 2-8), an inter-school wildlife quiz was organised for school students at Sundarvan on Saturday. The quiz was won by Delhi Public School, Bopal, with DAV International School finished second and Euro School was third.

The quiz was based on trivia about wildlife.

**Divya Bhaskar 10 Oct. 2016**

## સુંદરવનમાં સ્કૂલના વિદ્યાર્થીઓ વચ્ચે વાઇલ્ડ લાઇફ ક્વિઝ યોજાઇ



સિટી રિપોર્ટર @ahm_cb

રણથંભોર નેશનલ પાર્કમાં 20 વર્ષની વયે મૃત્યુ પામેલો અને લોકોમાં સૌથી વધારે ફેમસ બનેલો કયો એવો વાઘ છે, જેની સૌથી વધારે તસવીરો લેવામાં આવી છે? પ્રાણીરૂપે દેખાઈ રહેલા આ પૉકેમોનનું શું નામ છે? આ પ્રકારના સવાલ સુંદર વનમાં વાઈલ્ડ લાઈફ વીકને ધ્યાનમાં રાખી યોજાયેલી વાઈલ્ડ લાઈફ ક્વિઝ કોમ્પિટિશનમાં થયા હતા. જેમાં ડીપીએસ બોપલ, ડીએવી સ્કૂલ અને યુરો સ્કૂલના સ્ટુડન્ટ્સ વિજેતા બન્યા હતા.

આ અંગે સુંદરવનના એજ્યુકેશન ઓફિસર જીજ્ઞાસા પટેલે કહ્યું કે, 'આ ક્વિઝમાં પ્રિલિમરી રાઉન્ડ, મલ્ટિપલ ચોઈસ ક્વેશ્વન, ઈન્ફિનિટ રાઉન્ડ તેમજ ફાઈનલ રાઉન્ડ પોકેમોન ગોના પ્રાણીઓને ઓળખવાનો રહ્યો હતો. સ્ટુડન્ટ્સમાં વાઈલ્ડ પ્રત્યે અવેરનેસ આવે તે હેતુથી ક્વિઝ આ વર્ષે પણ રાખી હતી.'

**Sandesh 12 Oct.2016**

# વાઇલ્ડ લાઇફ ઓપન ક્વિઝ યોજાઇ



અમદાવાદ : ૧૧ ઓક્ટોબર ૨૦૧૬

બાળકોના નોલેજમાં વધારો થાય અને તેઓને વાઈડ લાઈફ વિશે વિગતે જાણકારી મળી રહે તેવા હેતુ સાથે સુંદરવન ખાતે વાઈડ લાઈફ ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દિલ્હી પબ્લિક સ્કૂલ, DAV ઈન્ટરનેશનલ સ્કૂલ, સ્ટે.કબીર સ્કૂલ, એચ. બી કાપડિયા ન્યૂ હાઈસ્કૂલ, હેબોર્ન હાઈર સેકન્ડરી સ્કૂલ અને ગ્લોબલ ઈન્ડિયન ઈન્ટરનેશનલ સ્કૂલ ના સ્ટુડન્ટસે પાર્ટ લીધો હતો. જેમાં ૫૦ % ઈન્ડિયા વાઈડ લાઈફ અને ૫૦% વર્લ્ડ વાઈડ લાઈફ પર પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. તાજેતર બાળકોથી લઈને મોટા લોકોની પસંદગીની ગેમ પોકેમેનનું પોકેમોન કેરેક્ટર ક્યા જાનવર જોડે મળતો આવે છે ?, ન્યૂઝ પેપરમાં તથા ન્યૂઝમાં સૌથી વધારે કયુ પ્રાણી જોવા મળે છે? જેવા અનેક પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. ઉપરાંત ફોટોગ્રાફ દ્વારા જાનવરને ઓળખો ?, ક્યા પ્રાણીનું નામ કેવી રીતે પડ્યું ? જાણ્યા અજાણ્યા પક્ષીઓ એટલેકે સફેદ કબૂતર અને હોલો જેવા સરખા દેખાવ ધરાવતા પક્ષીઓ વચ્ચેનો ભેદ વગેરે જેવા પ્રશ્નો જે નોલેજમાં પણ વધારો કરે તેવા પ્રશ્નો સ્ટુડન્ટ્સ સામે રજૂ કરવામાં આવ્યાં હતા.

